સોળ વરસની સતિ—ને

નવ વરસનો પતિ



ભાગ—પૃ ૨

સોળ વરસની સતિ

અને

નવ વરસનો પતિ

ભાગ-૧-૨

લેખક.

ધામીક કવિ-મગનલાલ બાપુજી ગોધરાવાળા.

લેખકની પરવાનગીથી છપાવી

પ્રસીદ્ધ કરનાર.

બુકસેલર જહુલાલ નારણદાસ ચોકસી

મુ. નડીયાદ.

આવૃતી-૨ પ્રત ૮૦૦૦ સન ૧૯૨૩

કીંમત રૂ-૦-૧-૬

શ્રીહરિ.

સોળ વરસની સતી

અને

નવ વર્ષનો પતિ

ઉર્ફે

બાળલગ્નનો બળાપો.

ભાગ – પહેલો

રાગ – બારમાસી

અરેરે સોળ વરસે, વીવા કયાં તો હરશે;
મ.બા.પ તો હુલાસી, મુ ને અતી ઉદાસી—૧
મારી બહાર જાન આવી, સખીઓ તે જોઇ આવી;
કે કંથ ઉમર નાની, કાઢીશ કયાં જુવાની—૨

આ વાત સાંભળીને, પડી હું મુર્છા ખાઇને;
ઓ ઈશ કેમ કરવું, મુંઝાય મારે મરવું—૩

મારે જુવાની તાનો, પિયુડો મારો નાનો;
માબાપે કીધું ભુંડું, સૌધ્યુ ના જોડું રૂડું—૪

હું કહેતી'તી ફળીયામાં, કે જઈશ સાસરામાં;
ત્યાં જઇને રંગ માણું, પણ આવુ નહે તું જાણ્યું—૫

માબાપે ઉંધું કીધું, તેને ઠરવું મારે સીધું;
ઠરી હર્ષથી સમૈયું, ફરી બાહાર સર્વ ગયું—૬

ગયાં સર્વે મને મેલી, હું ઘરમાં એકેલી;
વીચારમાં થઇ ઘેલી, હું દુ:ખમાં ડુબેલી—૭

મને વાર નથી મરતાં, પણ આપઘાત કરતાં;
અવતાર સાત આવે, આ એકે પાર આવે—૮

જેવી પ્રભુની મરજી, એ વાત એણે સરજી;
એવું મનમાં વિમાશી, બેઠી જઇ અગાશી—૯

જોઉં જાન ચાલી આવે, ગોરીઓ ગીત ગાવે;
મને નયને નીર આવે, ઉદાસી ઉપજાવે—૧૦

ગઈ જાન સૌ ઉતારે, જમવા સહુ પધારે;
વિચારને વિચારે, હું રોઉં વારે વારે—૧૧

પછીજ માંયરામાં હું બેઠી તેની સામે,
નીરખીને નાનું ... અંગે ઉઠે છે ઝાળ. ૧૨

હું ઉઠી જયારે પરણી નવ વાત જાય વરણી,
મને અતી રે બળાપો કોને કહું કઢાપો. ૧૩

હું બનીતી દીવાની થઇ જાંન ચાલવાની,
સરવેજ રાડ પાડે બેસો વહુજી ગાડે. ૧૪

કે જઇને ગાડે બેઠી પુરી ચીન્તામાં પેઠી,
હઇયું ભરાઈ જાતું કે મુજને ન રહેવાતું. ૧૫

નીરખીને મારૂં મુખ સૌ કે છે શું છે દુઃખ,
પીયર છે પનોતું વળી સાસરૂં છે સોતું. ૧૬

લાજું જવાબ દેતાં ઉપડે ન જીભ કેનાં,
બીજાં શું જાણે મારૂં હું કયાં જઇ ઉગારૂં ૧૭

હું એને નથી રોતી પણ કંથ સામું જોતી,
અરેરે નાનું બાળ હજુ વહે છે લાળ. ૧૮

અરે આનામાં શું છે એ સંગ માણવું છે,
દૈવાં નશીબ બળીયાં આશા બધાના પડીયાં. ૧૯

રસ્તે આવું છું રોતી એમ સાસરામાં પોતી,
નણંદીઓ મારી સાથે મુને ઝાલી એક હાથે. ૨૦

વહુ હવેલી જુવો તો ઠાલાં જ શું રૂવો છો,
પઈસા અહીં છે પુરા વઈભં ' અધુરા. ૨૧

કેવા દીસે કબાટ ખાસા પડેલા ખાટ,
વિવિધ નવ રંગ જુઓ પટ્યા પલંગ. ૨૨

જોઈને આવું સુખ વીસારી મેલો દુઃખ,
શા માટે રે રડો છો કાંઇ અમને કહો છો. ૨૩

એવું જ કીધું જ્યારે કેની હતી હું ત્યારે,
શરમ.ણી ખુબ ચીતે કહેવું ન એવી રીતે. ૨૪

આ દુઃખ કયાં બતાવું કે.ને કહું જ આવું,
પણ જાણ્યું મનઠામાં છે ઝાળ તનઠ માં ૨૫

બળી મ.ળને હવેલી ભલે બળી જાય વેલી,
મને સાસરૂં છે શુળી પઈસામાં મુક પુળી. ૨૬

જોઇને આ કબાટ મને થાય છે ઉચાટ,
તારી ખાટય નાખ ખુણે મને દુઃખ આ.વી પુણે. ૨૭

વિવિધ આ પલંગ જોતાં નથી ઉમંગ,
તારો ભાઈ ન.નો બાળ દેખી ઉઠે છે ઝાળ. ૨૮

પણ મન માન્યો સ્વામી હે દૈવ હું ન પામી,
મેં વરત નહીં કરેલાં બહુ પાપ તો ભરેલાં. ૨૯

પછી નણદી મારી બોલી વહુ જાવ બાર ખોલી
જઈ સુઈ તો રહોને ઉદાસી મુકી દોને ૩૦

હું ગઈતી ત્યાં ઉમંગે પોઢયા પીયુ પલંગે
જઈ ગોદડું મેં તાણયું પીયુડે મારે જાણયું ૩૧

સામી ઉભેલી જોઈ શું ચુડ આવી કોઈ
મને જાણી એણે ભુત કર્યું જ એણે તુત ૩૨

તેણે તર્ત રાડ પાડી તું તો દોડ મારી માડી
કે વાય મારા બાપ આ કયાંથી આવ્યું પાપ ૩૩

હું બોલું થોડી થોડી નણદીજ મારી દોડી
મારા ભઈને આ મારે કોઈ આવો આની વારે ૩૪

પેલેજ મોટી થઈછે એની બુદ્ધિ ફરી ગઈ છે
એમ બાર વાત થાયે મારૂં દીલ બહુ મુંઝાયે ૩૫

ઓ ઇશ કેમ થાશે અહીં લાજ મારી જાશે
શરીર મારૂં ધ્રુજે બીચાર તો ન સુજે ૩૬

ભલે થાય જે થવાનું કરી કાઢયું મેં ખાવાનું
પીયરથી લાવેલી દીધું પલંગ મેલી ૩૭

વસ્તુ ખાવાની ઝાઝી તે દેખી થયો રાજી
એમ કહીને મેં ચખાડ્યું હવે રાડ નહીજ પાડું ૩૮

ખાતાં ખાતાં તે બોલ્યો તમે કોણ છો તે બોલો
તું શીદ આવી આંહી તે દે મને બતાવી ૩૯
રે શો જવાબ દેવો કાંઇ ન જાણે એવો
અરેરે ! ! છેક નાનો બહુ વારે રહ્યો છાનો ૪૦
વીચાર ઠીક કીધો જવાબ ઠીક દીધો
કહ્યું મેં વીચારી હું નારી છું તમારી ૪૧
હું આવી છું ઉમંગે સુવા તમારી સંગે
રમોને રૂડે રંગે પ્યારા પીયુ ઉમંગે ૪૨
તું શું રમત લાવી તે દે મને બતાવી
તું આવી ફોસલાવા પેંદા પુરા દે ખાવા ૪૩
રમતની નથી ખામી તમે ખાવ મારા સ્વામી
બહુ પ્યારથી જણાવ્યું રમત રૂડી ગણાવું ૪૪
સોળ સોગટાંને પાસા રમવા કર્યો છે ખાસા
ચોપાટ છે આ પાસે રમીએ આપણ સાથે ૪૫
તેમાં જે કોઇ હારે પ્રભુ ચડે તેની વારે
નાખોને દાવ સ્વામી કાંઇ ન રાખો ખામી ૪૬
રમતાં રમતાં રૂવે ટગમગ સામું જુવે
નીરખીને મારૂં મુખ અતીશે લાગે દુઃખ ૪૭

આવા કલોડાના સ્વામી અક્કલ તણી છે ખામી
એ બેઠા બેઠા રૂવે વળી મારા સામું જુવે ૪૮

સમજ્યો ન કાંઈ બાળ મને અંગે ઉઠી ઝાળ
આ સાથ રેવું વાસો ઉંડો મુકયો નીસાસો ૪૯

શી વાત કહું જ બેની લાંબી કથા જ તેની
નથી કહી જ જાતી નથી છાતીમાં સમાતી ૫૦

તું બહુજ મારી પ્યારી તેથી તને ઉચ્ચારી
જો બીજે કાને જાશે ફજેતી મારી થાશે ૫૧

આ એક દીન ખાસો એવો બન્યો તમાસો
હસવું ને બીજી હાણ્ય એ વાત આવી જાણ્ય ૫૨

સૌ ગયા ગામ મેલી હું ઘરમાં એકેલી
પીયુ ગયેલ રમવા તે વખતે આવ્યા જમવા ૫૩

આવીને તાણ્યો છેડો મુકયો ન મારો કેડો
તું આપ મને ખાવા નહી તો ન દઈશ જાવા ૫૪

બ્રાહ્મણ આવ્યો માગવાને હું લાગી ભાગવાને
આવી ઉભો ફળીમાં કે ભાઈ તું તો બીમા ૫૫

હું બીને નથી જાતી પણ ખુબ શરમાતી
માગે પીયુડો ખાવા દેતો દઉં જ જાવા ૫૬
મુકાવ્યો મેં તો છેડો તોયે ન મુંકયો કેડો
એ રાઠ પાડી રૂવે બ્રાહ્મણ ઉભો જુવે ૫૭
બ્રાહ્મણ વચન કે આવાં એને આપો બેન ખાવા
બાળકની હઠ એવી પણ માની હઠ કેવી ૫૮
બ્રાહ્મણની સુણી વાણી મુકયો નીસાસે તાણી
હું શું દઉં જવાબ એ છોરૂંનો છે બાપ ૫૯
શરમાણી મનમાંતો આપી કર્યો મેં જાતો
આશીશ આપે આવી લખ્યું હશે જે ભાવી ૬૦
આવા બને તમાસા તેથી નાખું નીસાસા
તુજ પાસ વાત થાય બીજે તે કયાં કહેવાય ૬૧
મગનની સુણી વાણી તમે સમજો સૌ પ્રાણી
આવે હે નર રેવાસે બીજા ભાગમાં કહેવાસે ૬૨

ભાગ — ૨

રાગ — બારમાસી

નણંદીને સાથે રહું છું દુઃખોમાં ડુબી જઉં છું
સંસાર ચીત્ત છોડી પ્રભુમાં ચીત્ત જોડી ૬૩

વળી મનમાં વીસારૂ ઠરવાનું નથી બરૂ
વીરહની અકળામણુ હું કયાં જઈને કાઢું ૬૪

પ્રીતમનું દુઃખ ભારી પ્રભુ ચઢજો મારી વારી
સ્વામી છે મારો છોટો માટે કરી દો મોટો ૬૫

એમ કહીને રોઉં પ્રીતમના સામું જોઉં
ઉભો તો બાની પાસે તે દેખી મુને નાસે ૬૬

વળી દેખી તેના ચાળા મારા મન બળે લાળા
એ વાત ઉર વીચારી પકડીતી વીષ ઝારી ૬૭

આમાં વાંક નથી મારો મુજ પીતા હત્યારો
દીકરી કજોડે આપી હાથે બન્યો છે પાપી ૬૮

માતાના મન સાંખી તો નાખી મને બાંખી
નાના પતિની સાથ ઝલાવ્યો મારો હાથ ૬૯
પતિને સમજાવ્યો તોય ભાનમાં ન આવ્યો
મને બા કહી બોલાવે મારી પુઠળે તે આવે ૭૦
સખી તું દુર થાને ઘરમાંથી બહાર જાને
વળી સુણી મારી વાતે કરવા દે આપઘાતે ૭૧
મને દુઃખ પડે છે બહુએ હું ક્યાં જઇને કહુએ
પતિ તણા વીયોગ શી રીતે હવે સહુએ ૭૨
માટે સખી હો મારી બંધ કરને તું બારી
સંસારથી જવાની આવી છે મારી વારી ૭૩
મુજ માતા પીતા એવાં દુનીઆમાં જોવા જેવાં
છુપેલા દેવ પુંજી ફરી માગી લેવા જેવાં ૭૪
ખુદરત અપાર ખુબી માટે આવી તું ઉભી
પણ પ્રાણનાથ મારા છે મુજને તારનારા ૭૫
આવો ને મારા સ્વામી રાખો જરા ન ખામી
દુઃખી છે દીન દારા દીલદાર યાર મારા ૭૬

१०२०२

તારા ફોટા જ્યારે દેખું ત્યારે વાત એમ પેખું
ઓ વાહલી આવ પાસે પુરોને મનની આશે ७७
મને શીદ આમ બાળો આવીને હવે ઠારો
મારાં મરજો માને બાપે મેં શું કર્યાં ત્યાં પાપે ७८
વળી પરણી માથાં કાપ્યાં નવ સુખ મને આપ્યાં
મારા સુખના સમયે તેં દુઃખ મારાં માપ્યાં ७९
ઉંચી છે તારી મેડી કુળવંત તારી પેઢી
તે સર્વ અહીંયાં રહેશે નવ દુઃખ મારૂં લેશે ८०
સર્વ વાતે હું સુખી પણ એક વાતે ભુખી
તે મન મારૂં જાણે પિયુ દયા ન આણે ८१
એમ કહીને બાર બેઠી પછીથી ઘરમાં પેઠી
પાણીડાં ભરવા કાજે પ્રીતમ મળ્યા ત્યાં આજે ८२
મેં હાથ તેને ઝાલ્યો પણ તે જરી ન હાલ્યો
ઉપરથી ગુમ પાડી મારી આબરૂ બગાડી ८३
તેથી હું ગભરાણી ખુણે જઈ છુપાણી
સાસુડી મારી ધારો અરેરે કેમ થાશે ८४

જાણ્યું તું જઇ જમીશું નીજ સાથમાં રમીશું
ત્યાં જઇને સુખ માણ્યું તે લોકે સર્વે જાણ્યું ૮૫

ખુણામાં બેસી રોઉં ફરી આડી અવળી જોઉં
વીધીએ લખેલું દુઃખ તો ક્યાંથી મળે સુખ ૮૬

પછી મનમાં મુંઝાઉં શી રીતે બહાર જાઉં
જો આજ નહી જવાયે સાસુડી ગુસ્સે થાયે ૮૭

ફરી કરી વીચાર નીકળી હું તો બહાર
તેવામાં નણદી બોલી મારા ભાઇને શું મારે ૮૮

વળી સુણી તેની વાણી હું બહુ થઇ દીવાની
સો વાત મનમાં લાવું પણ કોને કહું હું આવું ૮૯

પીએર રહીને મેં તો અધીક સુખ માણ્યું
સાસરીએ પડશે દુઃખ મેં તેવું નોતું જાણ્યું ૯૦

વળી ગમતું નથી ખાવું અરે શરીરે નાવું
મને ઉંઘ ન આવે ઉદાસી ઉપજાવે ૯૧

નિંદ્રા દેવીને તમે પ્રીતમ તો થયાતા
મારા મનના ઉમળકા મુજ મનમાં રહ્યાતા ૯૨

પછી હું જઈને બોલી દરશન દીયોને સ્વામી
પડદો દીયોને ખોલી નવ રાખો જરી ખામી ૯૩
તોયે ન સામું જુએ પડયો પડયો તે રૂએ
તે દેખી હું ડરૂં છુ ની જ સાથમાં રડું છું ૯૪
દીલ માંહી દુઃખ સલે હીંમત કોઈ ન આલે
મૂર્છા ખઈ પડીતી દીન રાત હું રડીતી ૯૫
મરજો કુટુંબ કબીલો મરજો ભાઈ છબીલો
ઉદર પોતાનું ભરવા તે પડયો વચ્ચે નડવા ૯૬
પુત્રનું ભલું કરવા માબાપ પડયાં આડે
પોતાનું ભલું કરવા દીકરીને નાંખી ખાડે ૯૭
આ જગતમાં હમોને કો નથી તારનારો
ઓ પ્રભુ આવ વારે આવ્યો છે તારો વારો ૯૮
માબાપે જન્મ આપી મને દુઃખમાં છે નાંખી
સાસુ અને નણંદના દુકારા રહી છું સાંખી ૯૯
બધી હમારી વાતો નણંદીને જ્યારે કીધી
ત્યારે ઉપરથી ગાળો બે ચાર મુને દીધી ૧૦૦

હક્ક છે પ્રભુજી મારો શું જીંદગીને બાળો
કો રીતે હું ન ફાવી તેં મુજને છે તાવી ૧૦૧
માટે બતાવો રસ્તો આવે પીયુજી હસ્તો
સો દુઃખ મારૂં તારી મુજને લીઓ ઉગારી ૧૦૨
શરીર સો સુકાઇ ખોખું થયું છે ખાલી
તાકાત ન રહીરે વીના મોતથી મરીરે ૧૦૩
વળી નીશાળે જાતો લેઇ રેવડી તે ખાતો
તે ઘેર આવી કહેતો મારે છે મુજને મેહેતો ૧૦૪
આ બોલ સાંભળીને ઘણી હું મનમાં લાજું
જરી જો વચ્ચમાં બોલું રે' હાડકું ન સાજું ૧૦૫
સાસરીએ સાત માસ રહી હતી હું જ્યારે
માબાપે મન વીચારી આણુ કીધુતુ ત્યારે ૧૦૬
પીયરમાં જઇને ભોજાઇ હતી જે શાણી
સાસરીઆ કેરા દુઃખની વાતો કહી મેં છાની ૧૦૭
ભોજાઇ હતી જે ડાહી સમજીને આવી આંહી
મુજને શીખામણ દેવા તે વાત બેઠી કે'વા ૧૦૮

સતિ મીરાંના દુઃખનો ચીતાર તેને કીધો
બળેલા મારા જીવને દીલાસો તેને દીધો   ૧૦૯

બીજે ચીતારે તેને દમયંતીને દેખાડી
મુજના હૃદયને એવી ધીરજની છાપ પાડી   ૧૧૦

દમયંતી સતિ શાણી પ્રિતમે વન આણી
તોયે તે નવ છોડે સ્વામીની સંગ દેડે   ૧૧૧

માટે ઓ બેન મારી હીંમત શું તું હારી
આ દુઃખ શું તું માને કયાં ગઇ છે તારી સાને ૧૧૨

એમ કહી ભોજાઇ મુજને હીમત ઘણેરી આલી
રડતી મુને જોઇને નીજ બાથમાં તો ઘાલી   ૧૧૩

ભોજાઇ ઠપકો દીએ મુજ મન બહુ બીએ
પસ્તાઇને શું કરશો મુઝાઇ રોજ મરશો   ૧૧૪

દમયંતીને જુઓને પતિની સંગ ગઇતી
અરે અર્ધ વસ્ત્રી છતાં નીજ સાથમાં તે રહીતી ૧૧૫

નળરાય તેહને તો મુકીને ગયો નાસી
પણ સતિ સુખ માગી શોધી રહીતી ખાસી ૧૧૬

કરતી હજારો વ્રત તે શીદને ગયાં ધોવાઇ
એ સર્વે ઇશ જાણે તુજ કર્મની નવાઇ ૧૧૭

જેનો અપાર મહીમા મહીમા રહ્યો છવાઇ
કુલટાઓ સુખ માણે તુજ કર્મની નવાઇ ૧૧૮

દીકરીને દુઃખ શું છે તે તો કેઇ ન જાણે
ગૃહસ્થો થવા તણા તે વીચારો ઉર આણે ૧૧૯

હવે ઓ બેન મારી કહું છું કથા હું સારી
છે સર્વે વાતે સુખ પ્રીતમનું ભારી દુઃખ ૧૨૦

મગન તો પુછે છે શી રીતે તેઃ રહેશે
બાકી રહેલું એનું ત્રીજા ભાગમાંહી કહેશે ૧૨૧

ઉમરેઠ. ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રી. પ્રેસમાં
રતીલાલ બાળકૃષ્ણ ત્રીવેદીએ પ્રકાશક જદુભાઇ નારણદાસ
નડીયાદવાળાના માટે છાપી.

સસ્તી કીમતમાં વાંચન તઈયાર છે.

——:o:——

સ્વદેશ કાવ્ય	...	...	રૂ.	૦—૧—૦
અસહકાર વીણા	....	...	રૂ.	૦—૧—૦
રાષ્ટ્રિય ગરબા સંગ્રહ યાને સ્વરાજ્ય ગર્જના	...	....	રૂ.	૦—૨—૦
અસહકાર ગીતા (છપાય છે)		...	રૂ	૦—૧—૦
મુંબાઈની શેઠાણી ભાગ ૧—૨		...	રૂ	૦—૨—૦
સોળ વરસની સતી—અને નવ વરસનો પતિ (ભાગ—૧ થી ૬)		...	રૂ.	૦—૪—૬
અહાદેવીની ચડાઈ યાને જમાનાનો જુલમ			રૂ.	૦—૧—૦
સત્યવાન સાવીત્રી અને જસમા ઓડણનો ગરબો	...	...	રૂ.	૦—૧—૦
કળિનો કેર યાને જમાનાનો ફારફેર ...			રૂ.	૦—૧—૦
ભયંકર ભુજંગ યાને લીલાવતીનું જાહેર લીલામ (છપાય છે.)		...	રૂ.	૦—૧—૦

એ શીવાય તમામ જાતનાં પુસ્તકો હમારી પાસેથી મળી શકશે.

હમારાં દરેક પુસ્તકોના વેપારી ભાવ બેહદ સસ્તા અને શરતો ઉદાર હોવાથી હમારા ખાસ એજંટો માસીક રૂ. ૨૦૦ નો નફો મેળવી શકે છે.

બુકસેલર જહુલાલ નારણદાસ—મુ. નડીઆદ.

જસમોહનનો

આરોગ્યદાયક

સારસાપરેલા.

પરદેશી કે દેશી કોઈપણ બનાવટના બીજા સારસાપરેલા કરતા જસમોહનનો સારસાપરેલા વધીયાતો છે એમ તેના વાપરનાર સાતી ટેકીને કહે છે તમે વાપરીને ખાત્રી કરો. લોહી બીગાડ દુર કરી શક્તિ આપે છે પ્રમેહ ચાંદી, ખસ, ખરજવું, ફરંગ, ગડગુમડ વગેરે કાળા ડાઘ પડવા, શરીરે બળતરા થવી. લકવા. ર ગીપા અને લોહી વીકારથી થનારા બધાં દરદોમાં અકસીર દવા છે. દસ્તનું અનિયમીતપણું મટાડે છે નિરોગી અને સશક્ત શરીર બનાવવા માટે જસમોહનનો સારસાપરેલા ત્રણ બાટલી જરૂર પીઓ. કીંમત રૂ. ૨॥. વી પી રૂ. ૨॥= ૩ શીશીના રૂ. ૫)=, ૬ શીશીના ૮)=

લખો—જસમોહન એજન્સી,

નડીઆદ. (ગુજરાત)

આ ટાઈટલ 'મહેશ' પ્રીન્ટીંગ પ્રેસ (ગાયવાડી, ગીરગામ રોડ, મુંબઈ-૪) માં સુખવંતલાલ છોટાલાલ દેસાઈએ છાપ્યું છે.